ગાંધીનગર સમાચાર
તા. ૧૬-૩-૨૦૧૪, રવિવાર

તંત્રી સ્થાનેથી....

'મેરી બિલ્લી મુઝ સે મ્યાઉં?'

આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલ માટે રાજકારણ નવો વિષય છે. ઉચ્ચાભિલાષી કેજરીવાલ સ્વચ્છ, ઈમાનદાર ઈમેજ ધરાવતા યુવાન ઍક્ટિવવિસ્ટ છે. હજી એ પાક્કા અષ્ટઘંટ રાજકારણી નથી બન્યા. જો એ સ્તરે પહોંચ્યા હોત તો એમણે મીડિયા વિરુદ્ધ ઉચ્ચારણો કરવાની હિંમત ન જ કરી હોત. મીડિયાને નહીં છંછેડવું જ સારું! એણે વળતો પ્રહાર કરતાં કેજરીવાલને ભોંય ભારે થઈ ગઈ છે. અમે જ તમને ઊંચકયા, હવે અમારી સામે ફૂંફાડા મારવા લાગ્યા? મેરી બિલ્લી મુઝસે મ્યાઉં? આ દેશમાં ન્યાયપાલિકા અને મીડિયા વિરુદ્ધ કશું જ બોલતાં પહેલાં સત્તરવાર વિચાર કરવો પડે એવી સ્થિતિ છે. બંધારણ વિરુદ્ધ બોલનારને પણ જોખમમાં મુકાવું પડે છે. વાણી સ્વાતંત્ર્યનો મૂળભૂત હક્ક બંધારણે જ આપ્યો છે પરંતુ એ બંધારણની અમુક ખાસ જોગવાઈઓ જેવી કે અનામત વિશે હરફ સરખો ઉચ્ચારનારનું આવી બને છે. કેજરીવાલ નિખાલસ પ્રકૃતિના મહત્ત્વાકાંક્ષી કર્મશીલ છે. એ અન્ય રીઢા રાજકારણીઓની સરખામણીએ ઘણા માસૂમ છે, નિષ્પાપ છે. એથી જે સાચું લાગે તે છડેચોક જાહેરમાં બોલી કાઢે છે. એમણે મીડિયા વિશે કરેલું કહેવાતું નિવેદન પણ એમની નિખાલસતાનું જ પરિણામ છે. એમણે મીડિયા વેચાઈ ગયું હોવાનો જે ગંભીર આક્ષેપ કર્યો છે એમાં સૂર પુરાવવાનું મન થાય એ પ્રકારનો માહોલ નથી સરજાયો શું? પરંતુ એમણે આ વાત જરા ચોકલેટી સ્વરમાં, મજાક સ્વરૂપે કહેવાની જરૂર હતી. કેજરીવાલને શબ્દો પાસેથી નરેન્દ્ર મોદી લઈ શકે છે એવું કામ લેતાં નથી આવડતું. મોદી શબ્દોના જાદુગર છે. આરોહ, અવરોહ, જે તે સ્થળકાળ મુજબની ભૂમિકા વગેરેનો પૂરો અભ્યાસ કર્યા પછી ભાષણ કરે છે. ક્યારેક ઉત્સાહમાં આવી જઈ તક્ષશિલાને પાકિસ્તાનમાંથી બિહારમાં લાવી દે એ જુદી વાત છે. પરંતુ એમને ક્યાં કયા વિષય પર કેવું બોલવું, કોની ફજેતી કરવી અને કોનાં વખાણ કરવાં કે કોના વિશે એ વિરોધમાં હોવા છતાં ઓછા આક્રમક રહેવું તે કળા એમને સ્વયંસિદ્ધ છે. આવી કિમિયાગીરી શીખતાં કેજરીવાલને ઘણાં વરસ લાગશે. બનવાજોગ કે એવું બધું નહીં ફાવે એમ વિચારી એમની ઉતાવળિયા પ્રકૃતિ મુજબ એ રાજકારણ જ છોડી દે. એ સાચું કે કેજરીવાલને કેજરીવાલ બનાવનાર આ જ મીડિયા હતું. અણ્ણા હજારે ક્યાંય રાલેગણ સિદ્ધિ જેવા ખોબા જેવડા ગામડામાં બેઠાં બેઠાં ગ્રામ સુધારણા અને સમાજ સુધારાની પ્રવૃત્તિ કરતા હતા. ભ્રષ્ટાચારી ધારાસભ્યો અને મંત્રીઓની પાછળ પડી જઈ એમને પ્રધનમંડળમાંથી પડતા મુકાવવામાં મીડિયાએ જ અણ્ણાને મદદ કરી હતી. મીડિયાના ખભે ચડીને જ અણ્ણા રાષ્ટ્રીય ફલક પર છવાઈ ગયા હતા અને કેજરીવાલને પણ એમના ગજા ઉપરવટનું મહત્વ આપી મીડિયાએ જ શીલા દીક્ષિત જેવાં લોકપ્રિય મુખ્યમંત્રી વિરુદ્ધ લોકનેતા તરીકે પ્રસ્થાપિત કર્યા હતા. એ જ મીડિયા મોદીને પણ ઊંચકતું રહ્યું છે. આયોજિત કે પ્રાયોજિત સર્વેક્ષણો કરાવી મોદીને એમણે દેશના સૌથી ચર્ચિત નેતા બનાવી મૂક્યા છે. કેજરીવાલ જ્યાં સુધી કોંગ્રેસની વિરુદ્ધ બોલતા હતા ત્યાં સુધી મોદી પ્રભાવિત મીડિયાને વાંધો નહોતો. પરંતુ મોદીની સામે પડતાંની સાથે મીડિયાના કેટલાક માંધાતાઓએ કેજરીવાલ કટ-ટુ સાઈઝ કરી નાખવાની, વજૂદ મુજબ વેતરી નાખવાની ઝુંબેશ ઉપાડી છે. કેજરીવાલને છેક એવરેસ્ટની ટોચ પર ચડાવ્યા પછી એ જ મીડિયા ઊંડી ખીણમાં પટકવા સજ્જ બન્યું છે. કેજરીવાલથી મીડિયાની આ 'ગુસ્તાખી' ન જીરવી શકાઈ અને એમનામાં છુપાયેલો પેલો ઈન્કમટૅક્ષ કમિશનર એની અસલિયત પર આવી ગયો. કોંગ્રેસ, ભાજપ અને એ તમામ રાજદ્વારી પરિબળો, જેમને કેજરીવાલ નિરંતર ભ્રષ્ટ કહી ભાંડતા રહ્યા છે તે બધા એક સ્વરે કેજરીવાલ પર તૂટી પડ્યાં છે. કેજરીવાલે પોતાનાથી ઉતાવળે કાચું કપાઈ ગયું એમ લાગતાં મીડિયાને થાબડભાણાં કરવાની અને બગડેલી બાજી સુધારી લેવાની અનેક સ્તરીય કવાયત આરંભી છે.

આજે આદ્યશક્તિ સાંસ્કૃતિક મંડળ દ્વારા હોલીકાત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૫

આદ્યશક્તિ, સાંસ્કૃતિ મંડળ સેકટર-૭/ડી, તરફથી તા. ૧૬મી માર્ચના રોજ હોળી પર્વ નિમિત્તે આદ્યશક્તિ ચોકમાં પરંપરાગત રીતે હોળી પ્રગટાવવામાં આવશે. નગરજનોએ દર્શન તથા દર્શન બાદ ધાણી-ચણા-ખજૂરનો પ્રસાદનો લાભ લેવા જણાવેલ છે.

વહાણવટી વિદ્યાલયનો વાર્ષિકોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૫

વહાણવટી વિદ્યાલય સેકટર-૭ ગાંધીનગર ખાતે વાર્ષિકોત્સવ તેમજ ઈનામ વિતરણનું આયોજન શાળામાં કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત દીપપ્રાગટ્યથી કરવામાં આવી હતી. પ્લે ગ્રુપ, કે.જી. પ્રાથમિક, માધ્યમિકશના બાળકોએ પ્રાર્થના સ્વાગતગીત અભિનય ગીત, રાસગરબા, પોપ ડાન્સ, આદિવાસી નૃત્ય, ફેશન શો રજૂ કરવામાં આવ્યા હતા. તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રજાપતિ મનીષભાઈના વરદ હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સિદ્ધાર્થ લૉ કૉલેજના વિરેન્દ્રસિંહ ગોહિલનો યુનિવર્સિટીમાં વિજય

ગાંધીનગર, તા. ૧૫

રાંદેસણ ગામના વિરેન્દ્રસિંહ

બળવંતસિંહ ગોહિલ ગુજરાત યુનિવર્સિટીની બોર્ડ આફ વેલ્ફેરની ચૂંટણી (ગ્રામ્ય)માં જંગી બહુમાળીથી વિજય થયેલ છે. તેઓ ગાંધીનગર સિદ્ધાર્થ લો કોલેજના વિદ્યાર્થી છે. તેમણે ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે.

ઈન્ફોસિટી સ્કૂલમાં એન્યુઅલ પ્રોગ્રામ યોજાયો

ગાંધીનગર, તા. ૧૬

ઈન્ફોસિટી ખાતે આવેલી ઈન્ફોસિટી સ્કૂલમાં આજરોજ શનિવારે ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓનું એન્યુઅલ ફંકશનની ઉજવણી કરવામાં આવી હતી.

ગાંધીનગરની ઈન્ફોસિટી સ્કૂલમાં એન્યુઅલ ફંકશનની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના ધોરણ-૬ થી ૯ના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિ કાર્યક્રમો રજૂ કર્યા હતા. ગણેશવંદના, સોલો ડાન્સ, ગ્રૂપ-ડાન્સ, ગુમ્મર નાટકમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કાર્યક્રમમાં શાળાના પ્રિન્સીપાલ ગગલાણી, ટ્રસ્ટી દલસાણીયા, પ્રમુખ વૈષ્ણવસર ઉષાબેન, ભાવનાબેન અને હીનાબેન દ્વારા દીપ પ્રગટાવી શરૂઆત કરાવવામાં આવી હતી. પ્રોગ્રામમાં સુપરવાઈઝર, પ્રવિણાબેન અને દિપ્તીબેન દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું.

હરિની દૃષ્ટિ...

સાહેબ, ઇકો ફ્રેન્ડલી પીચકારીમાં ત્રણ વેરાઇટી છે... પહેલી, વિકાસની બહુ ઊંચી ઊડશે, રંગશે નહીં, બીજીમાં બધા જ રંગ ભેગા છે એટલે રંગશે નહીં, ત્રીજી, ખાલી સામે વાળાને ડરાવવાની જ છે.

ગાંધીનગરના નિહાલસિંહનો ૨૮મી વીર સાવરકર સમુદ્ર તરણ સ્પર્ધામાં નોંધપાત્ર દેખાવ

ચોરવાડથી વેરાવળનું ૨૧ નોટીકલ માઈલનું અંતર ૭ કલાક અને ૨૦ મીનીટમાં પુરું કર્યું

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત રાજયના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ દ્વારા તા. ૧૨મી માર્ચે યોજાયેલ ૨૮મી વીર સાવરકર અખિલ ભારતીય સમુદ્ર તરણ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ગાંધીનગરના નિહાલસિંહ સકસેનાએ છઠ્ઠો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધામાં કુલ ૨૧ નોટીકલ માઈલનું અંતર નિહાલસિંહે ૭ કલાક ૨૦ મિનિટ અને ૪૦ સેકન્ડમાં પુરું કર્યું હતું.

ચોરવાડથી વેરાવળ સુધી યોજાયેલ ૨૮મી વીર સાવરકર અખિલ ભારતીય સમુદ્ર તરણ સ્પર્ધામાં નિહાલસિંહ સકસેનાએ નોંધપાત્ર દેખાવ કર્યો હતો. ચોરવાડથી વેરાવળ સુધીનું ૨૧ નોટીકલ માઈલ એટલે કે કુલ ૩૬ કિલોમીટરનું અંતર તેમણે ૭ કલાક ૨૦ મિનિટ અને ૪૦ સેકન્ડમાં પુરું કર્યું હતું. નિહાલસિંહે આ સ્પર્ધામાં છઠ્ઠો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. તેમના આ ઉત્કૃષ્ટ દેખાવ બદલ ગાંધીનગરના રહેવાસીઓ તરફથી અભિનંદન વર્ષા કરવામાં આવી રહી છે.

અખિલ ભારતીય સામાજીક સંસ્થાએ મહિલા જાગૃતિ અંગે કાર્યક્રમ યોજ્યો

ગાંધીનગર, તા. ૧૬

મહિલાઓના ઉત્થાન માટે કાર્ય કરતી અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ દ્વારા ગઈ ૮ માર્ચના રોજ મહિલા દિવસ મનાવવામાં આવ્યો હતો.

૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે મનાવવામાં આવે છે ત્યારે શહેરની અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ દ્વારા મહિલા જાગૃતિ અંગે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ્રમુખ શર્મિષ્ઠા દવેએ જણાવ્યું હતું કે મહિલાઓ સમાજનું અભિન્ન અંગ છે. અને સંચારરૂપી રથના બે પૈડાનું એક પૈડું છે.

તેમણે સંસ્થાની માહિતી આપતા જણાવ્યું હતું કે સંસ્થા દ્વારા સામાજીક દૂષણનો ભોગ બનેલી મહિલાઓ, કુંવારી માતા બનેલી દિકરીઓ, આપઘાત કરવા પ્રેરાયેલી મહિલાઓ, માનસીક રીતે ત્રાસી ગયેલી મહિલાઓ માટે સંસ્થા હંમેશા મહિલાઓની પડખે ઉભી રહેશે.

કાર્યક્રમમાં મહિલાઓને પોતાનું રક્ષણ જાતે કરવા માટે આહવાન કર્યું હતું. મહિલાઓને ડગલે ને પગલે લુખ્ખાતત્વો દ્વારા કરવામાં આવતી છેડતીના કારણે આવા તત્વોને જરૂરી પાઠ ભણાવા અને પોલીસ કેસ કરવા જણાવ્યું હતું.

રાજકારણમાં જબરું 'પોલીટીક્સ' ભઈસાબ !!! (બુરા ના માનો હોલી હૈ)

વૈધાનિક ચેતવણી : આ લખાણના પાત્રો, સ્થળો, નામો, ઘટનાઓ અને સંવાદો કાલ્પનિક છે, જેનો જીવિત કે મૃત કોઈ પણ વ્યક્તિ, સંસ્થા કે જાતી સાથે કોઈ જ સંબંધ નથી. આ ફક્ત ને ફક્ત 'બુરા ના માનો હોલી હૈ' અંતર્ગત લખાયેલો હલકો ફુલકો લેખ છે અને એને એ જ દૃષ્ટિએ વાંચવા વિનંતી. કોઈ પણ બંધ બેસતી પાઘડી, ટોપી, ફાળિયા કે મફલર પહેરવા નહીં. વૈધાનિક ચેતવણી સમાપ્ત... હવે શરૂ અસલ ફિલ્લમ...

'સાહેબ' આગંતુક કેબીનમાં -વેશતા જ હળવેથી બોલ્યો. 'બોલો , શું હતું?' ફાઈલના ઢગલા પાછળથી માથું ઉચું કર્યા વગર જ સાહેબે જવાબ વાળ્યો.' સામેની પાટીના ત્રણ આવ્યા છે, આપણામાં જોડાવા 'ઉચું જોયા વગર જ જવાબ મળ્યો.'લઈ લ્યો ' ને આટલું બોલતા જ ટેબલની આસપાસ બેઠેલા આઠેક ખાદીધારીઓમાંથી એકની તરફ નજર નાખ્યા વગર જ પૂછી લીધું 'હવે કેટલા રક્ષા છે બાકી?' બસ, હવે ૨-૪ હશે માંડ પણ એનો વાંધો નહિ આવે કારણકે નહોર તો બધા આપણે કાઢી લીધા છે... હવે એ બાચકા ભરશે તોય આપણને વાગશે નહિ '..... શાબાશ... મને લાગે છે હવે આપણું મિશન ૨૫૦ બરાબર જોર પકડશે, એકદમ ખુલ્લો અને સાવ વન-વે થઈ ગયો છે રસ્તો, હવે કોઈ આડું ઉતરે એમ છે નહિ એટલે એકસીડન્ટની પણ કોઈ બીક નથી 'સાહેબે ફાઈલોમાંથી માથું ઉચું કરી આશા-સુર વહેતો કર્યો. એમના ચહેરા પર ખુશી ઝળહળાટ મારતી સ્પષ્ટ દેખાતી હતી . પ્યુને ટ્રે માં ચાયની પ્યાલીઓ સાથે -વેશ કર્યો. ટેબલ પર મુકેલી ચાયની પ્યાલીઓને ઉપાડતા ઉપાડતા ફરી પાછા બધાએ ચાય પે ચર્ચાનો દોર ચાલુ કર્યો 'સાહેબ આપણામાંથી ય ઓલરેડી ઘણા બધાને હજુ યોગ્ય સ્થાન નથી અપાયું એમાં આ બધાને ક્યા સેટ કરીશું?' ચિંતાતુર ચહેરે પુછાયેલા આ સવાલની સામે જવાબ પણ તરત જ વછુટ્યો 'ચિંતા નાં કરો.. આપણે હવે વિશાલ -દેશની સત્તા સંભાળવાની છે તો ક્યાંક ને ક્યાંક બધાની ગોઠવણ થઈ જ પડશે... સચવાય જશે બધા તમે એની ચિંતાના કરો પણ તમે લોકો એ સમજી લો કે જો આપણે બહુમતી સુધી પહોચવું હશે તો આવી જ રીતે દુશ્મન કા દોસ્ત દોસ્ત જેવું ચાલુ રાખવું પડશે.. તમે ટપાકા ગણવાનું છોડીને રોટલા ગણો 'ટેબલ આજુબાજુ ગોઠવાયેલાઓએ હકારમાં ડોકું ધુણાવ્યું..' પેલા ભાય આવ્યા છે દિલ્હીથી બુમો પાડતા કે 'વિકાસ કહા હૈ? વિકાસ કહા હૈ? એમનું શું થયું પછી?' સાચું કહું તો સાલ્લુ પહેલી વાર મેં આ સાંભળ્યું તો મને એમ થયું કે એમનો કોઈ વિકાસ નામનો સુપુત્ર આપણે ત્યાં વાઈબ્રન્ટ ગુજરાત કે કાંકરિયા કે રીવરફ્રન્ટ પર વેકેશન માણવા આવ્યો હશે ને ખોવાઈ ગયો લાગે છે.' ચોપાલમાં ઉપસ્થિત આઠેક ખાદીધારી ખડખડાટ હસી પડ્યા.' હા, તો શું થયું એમને વિકાસ મળ્યો કે નહિ? મને એવું લાગે છે કે એમને કદાચ નહિ મળે કારણ કે એક તો એ બિચારા આપણા -દેશથી સાવ અજાણ છે ને બીજું એમ પણ બની શકે કે વિકાસ કેવો હોય એ કદાચ એમણે જોયો નહિ હોય તો એવું બને કે એમને જો વિકાસ મળી જશે તો પણ એ ઓળખી નહિ શકે અને જો વિકાસ નાં મળ્યો તો દિલ્લી જાતાવેત જ પાછા મંતર તંતર ઉપર બેસી જાશે ખાધા પીધા વગરના. એમને શું છે કે કઈ સૂઝ કે સળનાં પડે તો આ એક જ કામ કરી જાણે છે. જો કે સાલ્લું એક વાત માનવી પડે હો કે આ ધરણા-ફરણાવાળું કામ એમને સારું ફાવી ગયું છે. 'સાહેબે જરા શ્વાસ લેવા વિરામ લીધો તો તક ઝડપતા જ એકે દોર સાંધી લીધો.' અરે એ આવ્યા પહેલા જ આપણે એમને વિકાસ મળી ગયો છે અને છેલ્લા દસેક વર્ષથી ખાઈ-પી ને લીલાલહેર કરે છે એવા સમાચાર પહોચાડેલા જ પણ એમની જીદ હતી કે નાં, વિકાસને હું સગ્ગી આંખે નાં જોવ ત્યાં સુધી માનું નહિ 'કમરામાં ચુપકીદી છવાઈ ગઈ.' કોઈ વાંધો નહિ, એક કામ કરો એમને પૂછો કે નાં મળ્યો હોય તો અમારા બે-ચાર લોકોને મોકલીએ સાથે જેથી એમને વિકાસને શોધવામાં તકલીફ ના પડે અને વિકાસ મળે પછી ઓળખવામાં કોઈ મુશ્કેલી નાં પડે. અરે યાર આપણા મહેમાન છે ને અતિથી દેવોભવ મુજબ એટલું તો આપણે કરવું જ પડે ને?'

બરાબર એ જ સમયે આ ચોપાલથી થોડાક જ કિલોમીટર દુર પોલીસવાળાઓ ગાડીઓના વિશાળ કાફલા સાથે આવેલા આમ આદમીઓ સાથે ઉગ્ર દલીલો કરી રહ્યા હતા.. 'અરે પણ મારે મળવું છે સાહેબને, મારે એમને ખાલી એટલું જ પૂછવું છે કે વિકાસ ક્યા છે? અને છે તો મને કેમ નથી દેખાતો?' એક મફલરધારી ભાઈ ગાડીઓના કાફલા સાથે કારમાં બેઠા બેઠા પોલીસવાળા સાથે માથાકૂટ કરી રહ્યા હતા.' એમ ના મળી શકો વડીલ... મળવાનો ટાઈમ - બાય્મ લીધો છે? તમે તો ઠીક કે હમણા સાવ નવરા છો પણ બધા કાઈ થોડા તમારી જેમ નવરા હોય?' ખાખીધારીએ ટોપીધારીનો ઉધડો લીધો. આમાં ટાઈમ શું લેવાનો? આ બાજુથી નીકળતો હતો તો થયું કે લાવ લગે હાથ હું ય બે ચાર સવાલ કરતો જાવ અને એક કટિંગ ચાં પીતો જાવ અમથીય તમારી ચાયની ચર્ચા આજકાલ આખાયે દેશમાં છે...બાય ધ વે. ઓફિસર તમને કદાચ ખબર નહિ હોય પણ હું સવાલો પૂછવામાં બહુ માસ્ટર છું... મારું બહુ મોટું નામ છે આ બાબતમાં.. 'ધાણીફૂટ ઉધરસ ખાતા-ખાતા મફલરધારીએ વળતી દલીલ કરી. પાછળની સીટમાં બેઠેલા એક ટોપીધારીએ દબાતા સુરે કાનમાં કહ્યુ.' સર, રહેવા દો.. આપણેય ૪૯ દિવસ માં ક્યા કોઈને મન પડે ત્યારે મળવા દીધા છે.. ક્રોઝ આર બ્લેક એવરીવેર.. અહોયા ય એવું જ લાગે છે, આપણાથી મળવા નહિ જઈ શકાય ચાલો પાછા વળીએ' ચશ્માં નીથેથી આખો ઝીણી કરીને નાકને લૂછતાં લુછતા મફલરધારીએ પેલાને સાવ ધીરેથી જવાબ વાળ્યો..' અલ્યા ડફોળ ઈ તો મને ય ખબર છે.. પણ શું છે કે એકાદ બે કલાક આમ જ ઉભા રહીએ તો શું કે આ ઢગલાબંધ કેમેરાવાળાઓને આપણે કહી શકીયે કે કેટલીય રાહ જોઈ પણ અમને મળવાનાં દીધા અને પછી ઈન્ટરવ્યું-ફીન્ટરવ્યું આપીએ તો શું છે કે આપણી વાતનું વજન પડે... સમજયો કે નહિ?' પાછલી સીટવાળાએ એકદમ અહોભાવ થી કહ્યું.' વાહ સર.. બહુ જ ક્રાંતિકારી વિચારો છે આપના!! તો સર, બોલાવી લઉં મીડીયાવાળાઓને?... અરે નાં નાં... અહી આજુબાજુ એકદમ ચકચકાટ રસ્તાઓ છે, ગગનચુંબી ઈમારતો છે, એકદમ મસ્ત હરિયાળી છવાયેલી છે..' વાતને વચ્ચે જ કાપતા પુલકિત ચહેરે પેલાએ પણ ટાપસી પુરાવી 'સાચી વાત છે સર.. જુવો ને આપણે ઉતર્યાના ટૂંકા સમયમાં જ મોટર માર્ગે પણ કેટલી ઝડપથી અને આરામથી કેટલું બધું અંતર કાપી શક્યા.. સર, પેલા ફ્લાયઓવરો અને સિક્સટ્રેક રસ્તા પર મારું તો દિલ આવી ગયું ..હાચ્ચે જ.' આ ઉત્સાહી જીવ વધુ ગુણગાન ગાય એ પહેલા ડોળા કાઢતા , ઉધરસ ખાતા સરે એને બોલતા રોકીને આગળ ચલાવ્યું...' ચુપ રે.. ને સાંભળ. આ બધાના બેકગ્રાઉન્ડમાં હું ઈન્ટરવ્યુ આપીશ તો જોતી વખતે લોકો મારી બદલે આ બધું જ જોયા કરશે ને હું એમ કહીશ કે વિકાસ નથી મળ્યો તો જોનાર હસશે અલ્યા...!!! એક કામ કર કાફલાની પાછળ ભલે આવતા બધા.. એકાદ એવી જગ્યા શોધી પાડીશું જયાં વેરાન હોય, રસ્તા તૂટેલા હોય ને -જા ગરીબ જેવી લાગતી હોય તો એવા બેક ગ્રાઉન્ડમાં વિકાસ નથી થયો એમ કહીશ તો ઓર વજન પડશે સમજયો?.. પણ સર હજુ સુધી તો એવી જગ્યા જોઈ નથી. એના અજ્ઞાન પર હસતા એમણે એના કાન નજીક મો રાખીને સંભળાવ્યું. 'તુ ચિંતા નાં કર..આપણા અહીના લોકોએ અમુક આવી જગ્યાઓ શોધી કાઢેલી છે ...તું સમજ યાર બધે તો સરખું ના હોય ને..? આવડા મોટા -દેશમાં ક્યાંક ને ક્યાંક તો કશુક તુટલુંફાટલું, ગરીબગુરબુ, શોષિત-ફોષિત હોવાનું જ ને ?... એટલે આપણે એવી જગ્યા તરફ કુચ કરીએ' આમ કહીને એમણે કારની બહાર મધમાખીઓની જેમ મંડરાઈ રહેલા મીડીયાવાળાની સામે હાથ હલાવતા મુછ માં હસતા હસતા ડ્રાઈવર ને કાર મારી મુકવાની સુચના આપી દીધી.

'મોમ..' દિલ્હીના એક વિશાળ સરકારી બંગલામાં સવારના પહોરમાં નાસ્તાના ટેબલ પર પાસ્તા ખાતા ખાતા બાબાએ સામે બેસીને નાસ્તો કરી રહેલી મમ્મીને કહ્યું ", 'હું કાલે ફરીથી ગુજરાત જવાનો છું. 'મમ્મીના હાથમાં ચીઝ લગાડેલી બ્રેડ એમ જ રહી ગઈ એમણે આખોમાં સવાલિયા નિશાન સાથે પૂછી લીધું.' ગુજરાત..એ વળી ક્યાં આવ્યું બેટા?' બાજુમાં ઉભેલા સચીવે લાગલા જ કહી પાડ્યુ. મેમ.. એ તો એની જગ્યાએ જ આવેલું છે પણ છેલ્લા દસેક વરસથી તમે એમ કહીને નકશામાં એના નામ પર ચોકડી મરાવી દીધી છે કે જે જગ્યા એ આપણો કોઈ ભાવ જ નાં પૂછે એ જગ્યાનું જાણીને આપણે શું કામ છે?' ..અહાઆઆ યાદ આવ્યું.. એક બે વાર હું ય જઈ આવી છે સુંદર -દેશ છે, પણ એક વાત સાંભળ તું ત્યાં જાય છે તો બોલવામાં ખાસ ધ્યાન રાખજે.. કઈ આડું અવળું બોલાય જશે ને તો વાતનું વતેસર થતા વાર નહિ લાગે.. મને અનુભવ છે..! અચાનક હાફળા ફાફળા દોડી આવેલા રાજકીય સચિવે વિલા મો એ સમાચાર આપ્યા. 'મેમ.. ત્યાંના આપણા વધુ એક સાથીએ આપણો સાથ છોડીને એ લોકોનો હાથ જાલી લીધાના સમાચાર છે. કૈક કરો મેમ.. જો આમ ને આમ ચાલશે તો પછી પાછળ વધશે કોણ?' મેડમે ચશ્માંને સહેજ ઉંચે ચડાવ્યા, એમના કપાળ પર ચિંતાની લકીરોમાં વધારો જોવા મળ્યો, ચીઝ બ્રેડ ને પાછી ડીશમાં મુકતા એમણે એક ડો નિસાસો નાખીને ચલાવ્યું.' કઈ ખબર પડતી નથી... આપણામાં છે એ લોકો એમના છે કે આપણા છે? ચુંટણી આવી નથી કે તરત જ ઠેકમઠેક કરી મુકે છે... સાલું આખા પાંચ વર્ષ આપણા પૈસા વાપરે ને એન્ડ ટાઈમે જ એ બાજુ..? 'સચિવ સામે જોતા પૂછી લીધું.' હવે જેટલા છે એને તો સાચવો... ને મને આજે ને આજે જ હવે કેટલા વધ્યા છે એનું લીસ્ટ આપો 'સચિવ ઉવાચ - મેમ, મેં કેટલા છે એ નહિ પણ કેટલા ગયા એનું લીસ્ટ રાખવાનું જ શરુ કર્યું છે.' ડીશ ને હળવેથી ધક્કો મારતા બાબા સામે જોઈને બોલી જવાયું.' આમ ને આમ ચાલશે તો તારે ને મારે ઘરભેગા થવાનો વારો આવશે.' 'સાચી વાત છે મેમ...' સચિવે પણ નીસાસામાં સુર પુરાવતા કહ્યું. જુવો ને ગયે વખતે પણ એ લોકોની બદલે આપણી જ દિશા ને દશા ફરી ગયેલી.' અત્યાર સુધી શાંતિથી સાંભળી રહેલા બાબા એ ઝભ્ભાની બાયોને કોણીથી ઉપર સુધી ચડાવતા ચડાવતા બોલવા માંડ્યું' યુ ડોન્ટ વરી મોમ... ગઈ વખતની દશાબદલી નો હું બદલો લઈશ આ વખતે... મેં બરાબરનું પ્લાનિંગ કરી રાખ્યું છે... હું આખા દેશમાં ફરી વળવાનો છું.. યુવાનો ને મારી બાજુ આકર્ષવા હાઈટેક -ચાર ય કરીશ ને વચ્ચે વચે ટાઈમ મળે તો ક્યાંક એકાદી ઝુપડીમાં વાળું પણ કરતો રહીશ.. મારું માનો તો આ વખતે આપણે યુવાનો ને જ ટીકીટ આપવી છે. સમજો ને લગભગ મારી ઉમરના યુવાનો ને.. 'એના માસુમ ચહેરા પર ઉશ્કેરાટ સાફ દેખાઈ આવતો હતો..' મેં હમણાં જ કરેલી સભામાં માણસો પણ મોટી સંખ્યામાં આવેલા.. આપણી સાથે આગાઉ રહી ચુકેલા એક ભાય અત્યારે વિકાસને શોધવાને બહાને ત્યાં જ છે.. એ આપણા માટે હવા બાંધી આપશે.. પછી એ હવામાં આપણે આપણો પતંગ ઉડાડીશું... 'ચકિત નજરે જોઈ રહેલા મોમે ફરી એક નિસાસો નાખીને સામો સવાલ કર્યો.' તારી વાત અને તારો ઉત્સાહ જોઈને હું ગદગદ થઈ ગઈ છું પણ સાચું કહું તો ગયે વખતે પણ એવું જ થયેલું.. મારી એક સભામાં તો રેકર્ડબ્રેક પબ્લિક આવેલી... પણ કઈ સમજાયું નહિ કે પેટી સુધી પહોચીને કેમ ફરી ગ્યા બધાય? સાચું કહું મેં તો આ -દેશના નામનું નાહી જ નાખ્યું છે, ત્યાં આપણને બધા સાંભળે છે પણ આપણે કહીએ એમ કરતા નથી. મેં ગયે વખતે દિશા બદલાઈ ગઈ પછી ત્યાં પૂછાવેલું કે આવું કેમ થયું તો જવાબ મળેલો કે કાઈ સૂઝ નથી પડતી પણ છેક સુધી આપણા કાર્યાલયોમાં ચા-નાસ્તો કરીને પણ લોકોએ આપણી દિશા ફેરવી નાખી એ વાત તો પાકી છે.. સાચું કહું બેટા તો મારું તો મન જ ઉઠી ગયું છે, પણ તને વિશ્વાસ હોય તો તું જા, એકાદ ટ્રાય કરી જોવામાં શું જાય છે.. પણ મેં તો ટ્રાય કરવાનું ય બંધ કરી દીધું છે... ત્યાના લોકોને આપણી કઈ પડી જ નથી તો આપણે ય એ રસ્તે જઈને શું કરવું?

સાયકલને ઝાડના થડ પાસે બાંધેલા હાથીની નજીક ઘોડી ચડાવીને મુકતા જ એણે દોડતાક ને કમરામાં -વેશ કર્યો. કમરામાં પહેલેથી જ બેક મહિલાઓ સહીત ૪-૫ લોકો હાજર હતા. એણે ખુરસીમાં સ્થાન જમાવ્યું. 'ત્રીજી તરકીબ'માં આપનું સ્વાગત છે એવા લખાણવાળા બેનર નીચે બેસેલી એક ભારેકાય મહિલાએ શરૂઆત કરી. 'આપણે ચાં-નાસ્તાથી બેઠકની શરૂઆત કરીશું.' ધીરે ધીરે ચાં-નાસ્તાની પ્લેટો ટેબલ પર ગોઠવાઈ. ઈડલી-વડા અને સાથે ચાં. ઈડલી-વડા જોતા જ સાયકલવાળા ભાઈના ભવા ખેચાયા. 'આ શું અહી પણ તમે તમારું આધિપત્ય ઠોકી બેસાડશો? આપણે એકજુટ થવા ભેગા થયા છીએ ત્યારે નાસ્તો પણ તમે કહો એ જ જો ખાવાનો હોય તો એ મને નહિ ફાવ?' લદ્દરવદ્દર દેખાતા અને પાકટવયના બિરાદરે ચા નો કપ હાથમાં લેતા જ બેન્ગાલીમાં રોકડું પરખાવ્યું.' આ ચાં નો રંગ પણ ઓછો લાલ છે.. આ નાં ચાલે અમારે ચાં લાલ જોઈએ જ.. અમે લાલ રંગ સાથે કોઈ સમાધાન નહિ કરી શકીએ. 'પંજાબી સલ્વારકુરતામાં સજ્જ માનુંનીએ નાસ્તાનો એમ કહી ને અસ્વીકાર કર્યો કે દરેક ને પોત પોતાનો -દેશિક નાસ્તો મળવો જોઈએ. બેઠકમાં નાસ્તાના મુદ્દે ધમાસાણ મચી ગયું... ભારેકાય મહિલા ઈડલી-વડા પર અડગ હતી... બાબુ મોશાય ચાં ના રંગ પર અને બાકીના પોતાના નાસ્તાની વાત કરતા રક્ષા અંતે અર્ધોક કલાકની માથાકૂટ ને દલીલો સાથે 'ત્રીજી તરકીબ'ની પહેલી જ બેઠકનું ચાં-નાસ્તા કર્યા વગર જ બાળ-મરણ થઈ ગયું. !!!!.....ઈતિ ચુનાવ ચલચિત્ર સમાઝ .....!!!!!!!

રિમાર્ક્સ :

વડોદરાના નવનિર્મિત બસ-સ્ટેન્ડ પાસેથી પસાર થતા જ કેજરીવાલ બોલી ઉઠ્યા 'અરે , અહી તો બસ-સ્ટેન્ડ હતું એને તોડીને આ એરપોર્ટ કેમ બનાવ્યું? આ તો -જાની મ